# ટેક્ષ ટુડે

RNI No.GUJGUJ/2016/74805
e-mail: taxtodayuna@gmail.com
e-mail: editor@taxtoday.co.in
www.taxtoday.co.in

પ્રતિશ્રી,

Tax Today (Monthly)

(ટેક્ષ સંલગ્ન તથા અન્ય મહત્વના સમાચાર પ્રસિદ્ધ કરતું માસિક)

◆ વર્ષઃ ૯ ◆ અંકઃ ૦૨ ◆ સળંગ અંકઃ ૯૭ ◆ તા.૨૧/૧૨/૨૦૨૪, શનિવાર ◆ પાના-૪ ◆ છૂટક અંકની કિંમત રૂા.૨૦ ◆ વાર્ષિક લવાજમ રૂા.૨૦૦/- (કુરીયર સાથે રૂા.૩૦૦/-)

◆ તંત્રી-માલિક અને પ્રકાશકઃ ભવ્ય દિપકભાઇ પોપટ ◆ પ્રકાશન સ્થળઃ ૨૦૨-૨૦૩, ધ્રુવ કોમ્પ્લેક્ષ, પોલીસ લાઇન સામે, ઉના, જી.ગીર સોમનાથ-૩૬૨૫૬૦

◆ ફોન : ૦૨૮૭૫-૨૨૧૭૦૦, ફેક્સઃ ૦૨૮૭૫-૨૨૧૭૦૦, મો. : ૯૯૨૪૧ ૨૧૭૦૦ ◆ મુદ્રણ સ્થળ : પ્રથમેશ ઓફસેટ, ગોંદરા ચોક, ઉના.

Post. Regn. No. G-JND/338/2020-2022. - Office of posting Una Post Office on 3rd Monday of Every Month

# ઓલ ઈન્ડિયા ફેડરેશન ઓફ ટેક્સ પ્રેકટિશનર્સ દ્વારા જુનાગઢ ખાતે ૨ દિવસીય કોન્ફરન્સનું આયોજન

## જુનાગઢના જાણીતા એડવોકેટ સમીરભાઈ જાની બન્યા ઓલ ઈન્ડિયા ફેડરેશન ઓફ ટેક્સ પ્રેકટિશનર્સના ''નેશનલ પ્રેસિડંટ''

## સમગ્ર દેશના ટેક્સ પ્રોફેશનલ્સના સૌથી મોટા એસોસીએશનના સૌ પ્રથમ ગુજરાતી પ્રેસીડંટ બનવાનું ગૌરવ મેળવતા સમીરભાઈ જાની










તા. ૧૭.૧૨.૨૦૨૪ ભારતના સૌથી મોટા ટેક્સ પ્રોફેશનલ્સના એસોસીએશન ઓલ ઈન્ડિયા ફેડરેશન ઓફ ટેક્સ પ્રેકટિશનર્સ દ્વારા જુનાગઢની હોટેલ ફર્ન ખાતે ૧૪ અને ૧૫ ડિસેમ્બર ના રોજ બે દિવસીય નેશનલ ટેક્સ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. ૨૭ માં નેશનલ કન્વેનશનનું આયોજન કરવાનું સૌભાગ્ય મેળવશે જુનાગઢને મળ્યું હતું અને જુનાગઢના પનોતા પુત્રને દ્વારા આ ભૂમિ પર રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે સપથ લેવાનું પણ સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું. રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકેની સપથ સમીરભાઈ જાનીને સુપ્રીમ કોર્ટના જજ ઉજ્જલ ભૂયાન દ્વારા લેવડાવવામાં આવેલ હતા. ઉલ્લેખનીય છે કે સમીરભાઈ જાની ગુજરાતના પહેલા વ્યક્તિ હશે જે આ પ્રતીસ્થિત સંસ્થાના નેશનલ પ્રેસિડન્ટ બનશે. ઓલ ઈન્ડિયા ફેડરેશન ઓફ ટેક્સ પ્રેકટિશનર્સ દ્વારા આ નેશનલ ટેક્સ કોન્ફરન્સ આયોજન ટેક્સ એડવાઇઝર એસોસીએશન જુનાગઢ તથા ગિર સોમનાથ ટેક્સ બાર એસોસીએશન ના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું હતું. આ સંસ્થા સમગ્ર દેશની સૌથી મોટુ ટેક્સ પ્રોફેશનલ્સનું સંગઠન છે જે સમગ્ર દેશના ૨૯ રાજ્યો અને ૩ કેન્દ્ર શાશીત પ્રદેશમાં અંદાજે ૧૧૨૦૦ જેટલા સભ્યો ધરાવે છે. છેલ્લા ૪૯ વર્ષથી આ સંસ્થા કાર્યરત છે અને કરવેરા અંગેના વિવિધ મુદ્દા પર સરકાર સાથે નિયમિત પરામર્શ કરતી રહે છે.

જુનાગઢ ખાતે યોજાનાર આ નેશનલ ટેક્સ કોન્ફરન્સમાં દેશભરના ટેક્સ પ્રોફેશનલ્સ દ્વારા ટેક્સેશનના વિવિધ વિષય ઉપર આ બે દિવસ ગહન અભ્યાસ કરવામાં આવ્યો હતો. આ કાર્યેક્રમમાં મુખ્ય મહેમાન તરીકે સુપ્રીમ કોર્ટના જજ ઉજ્જલ ભૂયાન ઉપસ્થિત રહ્યા હતા. વિશેષ અતિથિ તરીકે ગુજરાત હાઇકોર્ટના ન્યાયાધીશ જસ્ટિસ ભાર્ગવ કારિયા, જસ્ટિસ પ્રણવ ત્રિવેદી, ગૌહાતી હાઇકોર્ટના જસ્ટિસ સૌમિત્ર સાયકયા અને સુપ્રીમ કોર્ટના નિવૃત ન્યાયાધીશ જસ્ટિસ અનિલ આર. દવે પણ ઉપસ્થિત રહ્યા હતા. દેશના નામી ટેક્સ પ્રોફેશનલ્સ સિનિયર એડવોકેટ અરવિંદ દાતાર, એડવોકેટ કેવિન ગુલાટી, સૌરભ સોપારકાર, ડો. ગિરીશ આહુજા, ઉચિત શેઠ, અભય દેસાઇ વગેરે ઉપસ્થિત રહી ટેક્સેશનના વિષયો ઉપર માર્ગદર્શ્ર આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત એસોસીએશનની ''યંગ બ્રિગેડ'' એવા પાર્થ બધેકા, રીભાવ ઘીયા તથા ઈશાન પાટકર દ્વારા ''બ્રેઇન ટ્રસ્ટ'' વિભાગમાં જી.એસ.ટી. ના વિવિધ વિષયો ઉપર સભ્યોના પ્રશ્નોનોના જવાબ રજૂ કરવામાં આવ્યા હતા. આ કોન્ફરન્સમાં ''માસ્ટર ઓફ સેરેમની'' તરીકે હર્ષભાઈ જાની તથા જિગરભાઈ પટેલ દ્વારા સેવા આપવામાં આવી હતી. આ કાર્યેક્રમમાં સમગ્ર દેશ માંથી ૫૦૦ થી વધુ ડેલિગેટ્સ ઉપસ્થિત રહ્યા હતા. દેશભાર માંથી આવેલ પ્રતિનિધિઓ દ્વારા ગુજરાત અને ખાસ કરીને સૌરાષ્ટ્રની મહેમાનગતિની ખાસ નોંધ લીધી હતી. આ કોન્ફરન્સને સફળ બનાવવા ટેક્સ એડવાઈઝર એસોસીએશન જુનાગઢ, ગીર સોમનાથ ટેક્સ બાર એસોસીએશનના સભ્યો દ્વારા સમીરભાઈ જાનીના માર્ગદર્શન હેઠળ જહેમત ઉઠાવવામાં આવી હતી.

**ભવ્ય પોપટ, ટેક્સ ટુડે**

## 'ટેક્ષ ટુડે' પરિવાર દ્વારા હાર્દિક શુભેચ્છા...



**નડિયાદના 'ટેક્ષ ટુડે' પ્રતિનિધિ અમિતભાઈ સોનીની ટેક્ષ એડવોકેટ એસોસિએશન ગુજરાતના ખજાનચી તરીકે વરણી થતાં આનંદ અને ગૌરવની લાગણી અનુભવે છે અને સમગ્ર 'ટેક્ષ ટુડે' પરિવાર વતી અભિનંદન પાઠવે છે.**

## હાર્દિક શુભેચ્છા

**જૂનાગઢના ખ્યાતનામ ટેક્ષ એડવોકેટ અને અમારાં માર્ગદર્શક એવા સમીરભાઈ જાનીને ''ઓલ ઈન્ડિયા ફેડરેશ ઓફ ટેક્ષ પ્રોફેશનલ''ના રાષ્ટ્રીય અધ્યક્ષ બનવા બદલ હાર્દિક શુભકામનાઓ.**

From
**Bhavya D. Popat**
Editor &
Tax Today Group



# ટેક્સ એડવોકેટ એસોસીએશન ગુજરાતની ચૂંટણી માટે ખાસ સાધારણ સભા યોજાઇઃ અનિલભાઈ ટીંબાડિયાંની પ્રમુખ પદે થઈ વરણી









**આ નિમણૂંક બાર કાઉન્સીલ ઓફ ગુજરાતના ઈલેકશન રૂલ્સ પ્રમાણે ચૂંટણી કરવામાં આવી હતી. ટેક્સ એડવોકેટ એસોસીએશન ગુજરાત એ બાર કાઉન્સીલ ઓફ ગુજરાતના સભ્ય છે**

તા. ૨૧.૧૨.૨૦૨૪ ટેક્ષ એડવોકેટ એસોસિએશન ગુજરાત, અમદાવાદ ની હોટલ અર્ટિલા ઈન ખાતે તા ૨૦-૧૨-૨૦૨૪ ના રોજ વર્ષ ૨૦૨૫-૨૦૨૬ ની કારોબારી માટે ઇજીએમ સભા યોજાઈ જેમાં આઈપીપી પદે જયદીપ પટેલ, પ્રમુખ પદે અનિલભાઈ ટીંબડીયા , ઉપ પ્રમુખ બિંદેશ શાહ, મંત્રી દીપ પરીખ, સહ મંત્રી ગૌરાંગ વ્યાસ, ટ્રેઝરર અમિત સોની, કારોબારી સભ્યો માં અનિલ પરીખ, વસંત પટેલ, પિનાકીન પટેલ, ઉત્સવ પટેલ, મુકેશ વાટલિયા, પ્રિતેશ ગાંધી હિતેશ નિમાવત સૌ ની સર્વાનુમતે નિમણુંક કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે આ નિમણૂંક બાર કાઉન્સીલ ઓફ ગુજરાતના ઈલેકશન રૂલ્સ પ્રમાણે ચૂટણી કરવામાં આવી હતી. ટેક્સ એડવોકેટ એસોસીએશન ગુજરાત એ બાર કાઉન્સીલ ઓફ ગુજરાતના સભ્ય છે અને ગુજરાતના ટેક્સ એડવોકેટનું સૌથી મોટું એસોસીએશન છે.

**બ્યૂરો રિપોર્ટ, ટેક્સ ટુડે**

# સેન્ટ્રલ ઝોન બરોડા ખાતે ટેક્ષેશન સેમિનાર યોજાયો










તા.૧.૧૨.૨૦૨૪ ઓલ ગુજરાત ફેડરેશન ઓફ ટેક્ષ કન્સલ્ટન્ટ અને બરોડા ટેક્સ બાર એસોસિએશન, બરોડા ના સંયુક્ત ઉપક્રમે ઈન્કમટેક્સ અને જીએસટી કાયદા અન્વયે સેમિનાર યોજાયો. તા ૩૦-૧૧-૨૦૨૪ શનિવાર ના રોજ વાણિજ્ય ભવન, વડોદરા મુકામે એજીએફટીસી પ્રમુખ સીએ ડૉ વિશ્વેશ શાહ, આઈપીપી રવી શાહ, બીટીએ પ્રમુખ અજીતભાઈ તિવારી , સિનિયર વાઇસ પ્રેસિડેન્ટ આશુતોષ ઠક્કર, મોફીસીયલ પ્રોગ્રામ ચેરમેન પ્રફુલભાઇ શાહ, વાઈસ પ્રેસિડેન્ટ સુનિલભાઈ શાહ એજીએફટીસી મંત્રી મૃદાંગ વકીલ, બીટીએ મંત્રી મુકેશભાઈ શર્મા, ,વક્તાશ્રી સીએ કમલેશભાઈ પરીખ, અને એડવોકેટ અભય દેસાઈ ના વરદ હસ્તે સેમિનાર ઉદઘાટિત કરેલ..

ઈન્કમટેક્સ વિષય પર વક્તા શ્રી સીએ કમલેશભાઈ પરીખ અને જીએસટી વિષય પર એડવોકેટ શ્રી અભય દેસાઈ એ ઉમદા અને રસપ્રદ વક્તવ્ય આપી સૌ ઉપસ્થિત ટેક્ષ વ્યવસાયિઓને મંત્ર મુગ્ધ કરી દીધેલ.

આ પ્રસંગે એઆઇએફટીપી વેસ્ટ ઝોન પ્રમુખ શશાંક મીઠાઈ વાલા, એજીએફટીસીના મોફીસીયલ પ્રોગ્રામ ચેરમેન પ્રફુલભાઇ શાહ, ધ્રુવેન શાહ,અમિત સોની મૌલિન શાહ, શ્રીધર શાહ, સુનિલભાઈ શાહ, જીએસટીબીએ પ્રમુખ શૈલેષભાઇ મકવાણા, પ્રિતેશ ગાંધી, નરેન્દ્ર કરકર,બીટીએ સહ મંત્રી મનોજભાઈ પંચાલ, સેન્ટ્રલ ઝોન ના બંને એસોસિએશનના કારોબારી સભ્યો, જનરલ સભ્યો વડોદરા,અમદાવાદ, આણંદ, નડિયાદ, ગોધરા, ટેક્ષ વ્યવસાયિઓ મોટી સંખ્યામાં જોડાઈ આ સેમિનાર ને સફળ બનાવેલ.

**અમિત સોની, ટેક્સ ટુડે**

## શું અમારે પણ નવા પાન કાર્ડ માટે....

(અનુસંધાન પાના ૩થી શરૂ)

પદ્ધતિ PAN મે વર્ષ ૨૦૧૭-૧૮ થી દાખલ કરવામાં આવી છે. હા, કરદાતા ઈચ્છે તો તેઓ હાલની પદ્ધતિ મુજબ કે PAN 2.0 શરૂ થાય ત્યારે QR કોડ વાળા નવા PAN માટે અરજી કરી શકે છે. જો કે QR કાર્ડ વાળા PAN ફરજિયા નથી.

**૮. PAN કે જે ‘‘કોમન બીજનેસ આઈડેંટીફાયર ફોર ઓલ બિઝનેસ રેલેટેડ એક્ટિવિટીસ ઈન સ્પેસિફાઇડ સેક્ટર’’ એ શું છે?**

**જવાબઃ** સરકાર દ્વારા PAN 2.0 પ્રોજેકટમાં PANને કરદાતાની વિવિધ ધંધાકીય નોંધણી અને ઓળખાણ માટે PAN એ સર્વમાન્ય ધંધાકીય ઓળખાણ રહેશે. સરકારી એજન્સી PAN દ્વારા જ ધંધાકીય એકમની ઓળખ રાખશે.

આમ, ધંધાને લગતી દરેક પ્રવૃતિમાં આપવામાં આવતા ઓળખ નંબર PAN સાથે લિન્ક થયેલ હશે.

PAN 2.0 પ્રોજેકટ એ સરકાર દ્વારા અમલમાં આવનાર મહત્વકાંક્ષી સંકલ્પમાંનો એક ગણી શકાય. આ પરિયોજના લાગુ થતાં કરદાતા ઓનલાઈન એક જ પોર્ટલ ઉપરથી નવા PAN માટેની અરજી, હાલમાં રહેલ PAN ના સુધારા, Aadhar-PAN લીંકિંગ જેવા કર્યો એક જ જગ્યા ઉપરથી ઓનલાઈન, પેપરલેસ પદ્ધતિથી થઈ શકશે. હાલ, કરદાતાને PANમાં સુધારો કરાવવામાં તકલીફ પડી રહી છે

આ તકલીફો પણ PAN 2.0 આવતા દૂર થઈ જશે તેવું નિષ્ણાંતો માની રહ્યા છે. આ ઉપરાંત સમગ્ર ધંધાકીય માળખાને PAN સાથે લિન્ક કરવામાં આવતા સરકારી એજન્સીને વહીવટી સરળતા રહેશે અને ધંધાકીય એકમને પણ PAN મુજબ એક અલગ બિઝનેસ નામના મળશે.

(આ અખબાર પ્રકાશિત કરવામાં શક્ય તેટલી કાળજી લેવામાં આવેલ છે. છતાં આ લેખનાં વિચારો લેખકોના અંગત મંતવ્યો પર આધાર રાખે છે. ટેક્ષ ટુડે માલિક અથવા તંત્રી આ અંગે કોઇ રીતે જવાબદાર રહેતા નથી.

# શા માટે જરૂરી છે રોયલ્ટીના રોયલ પ્રશ્નનો રોયલ નીવેડો!



By Adv. Bhargav Ganatra, Rajkot

**૧) પ્રસ્તાવનાઃ–**

√ જેવી રીતે આપણે જાણીએ છીએ તે રીતે કે પહેલાનાં સમયમાં એટલે કે જી.એસ.ટી. લાગું થયું તે પહેલાં પણ માઈનિંગ ઈન્ડસ્ટ્રીની અંદર માઈનિંગ ના રાઈટસ ઉપર સર્વિસ ટેક્ષ લગાવી શકાય કે નહીં તે અંગેનાં વિવાદો ચાલતા હતાં તથા નામદાર કોર્ટ સમક્ષ ચાલું હશે.

√ અને વધુમાં, સર્વિસ ટેકસ ની જગ્યાએ જી.એસ.ટી. નાં આગમન પછી પણ માઈનિંગ ના રાઈટસ ઉપર ટેક્ષ એટલે કે જી.એસ.ટી. લગાવી શકાય કે નહીં તે અંગેના વિવાદો યથાવત જ છે.

√ આ વિવાદો પાછળના અનેક તર્કે માથી એક મહત્વનું કહી શકાય એવું તર્ક એવું પણ હતું કે રોયલ્ટી ને ટેક્ષ કહી શકાય કે નહીં?

√ કારણ કે જો રોયલ્ટી એ ખુદ ટેક્ષ હોય તો તેના પર અન્ય કોઈ ટેક્ષ એટલે કે સર્વિસ ટેક્ષ તથા જી.એસ.ટી. લગાવી શકાય નહીં.

√ અને કદાચ આ જ તર્કે ને કારણે રોયલ્ટી નો વિવાદ રોયલ બની જાય છે અને પરિણામે રોયલ ભુતકાળ ધરાવે છે.

**૨) શું છે રોયલ્ટી નાં રોયલ પ્રશ્નનો રોયલ ભુતકાળ?**

√ જો રોયલ્ટી ના ભુતકાળ ના કુવામાં છલાંગ મારીએ તો કદાચ આપણે જોઈ શકીએ કે સૌ પ્રથમ વર્ષે ૧૯૬૫ નાં નામદાર પટના હાઈકોર્ટ નાં લડ્ડુ મલ વિરુદ્ધ સ્ટેટ ઓફ બિહાર નાં ચુકાદામાં એવું ઠેરવવામાં આવ્યું કે મિનરલ્સ ઉપર લેવામાં આવતી રોયલ્ટી ને ટેક્ષ તરીકે ગણવી જોઈએ.

√ નામદાર પટના હાઈકોર્ટ ના આ ચુકાદા પછી નામદાર સુપ્રીમ કોર્ટ એ વર્ષે ૧૯૮૯ નાં પોતાની સાત જજ વાળી ખંડપીઠ નાં ઈન્ડિયા સિમેન્ટ વિરુદ્ધ સ્ટેટ ઓફ તમિલનાડુ નાં ચુકાદામાં એવું ઠેરવવામાં આવ્યું કે રોયલ્ટી એ ટેક્ષ છે.

√ ત્યારબાદ તો નામદાર કોર્ટ ના આ એટલે કે ઈન્ડિયા સિમેન્ટ નાં પ્રસ્થાપિત કાયદા ઉપર થી ઓરિસ્સા સિમેન્ટ, ફેડરેશન ઓફ માઈનિંગ એસોસિયેશન ઓફ રાજસ્થાન, મહાલક્ષ્મી ફેબ્રિક મિલ્સ, સૌરાષ્ટ્ર સિમેન્ટ, મહેન્દ્રી કોલ્ડફિલ્ડ, પી. કન્નડસન જેવાં ચુકાદાઓ નામદાર કોર્ટ દ્વારા સંભાળવામાં આવ્યાં.

√ પણ પણ પણ વર્ષે ૨૦૦૪ મા વક્ત ને કિયા કુછ હસી સિતમ ને નામદાર સુપ્રીમ કોર્ટ ની જ પાંચ જજ વાળી ખંડપીઠનાં સ્ટેટ ઓફ બેન્ગાલ વિરુદ્ધ કેસોરામ ઈન્ડસ્ટ્રીઝ માં એવું ઠેરવવામાં આવ્યું કે રોયલ્ટી એ ટેક્ષ નથી.

√ આથી, આ કારણોસર થી પ્રશ્ન વિકરાળ બની ગયો કેમ કે પ્રિન્સિપાલ ઓફ દાઉદી વોરા, કાયદાકીય પ્રતિપાદિત સિધ્ધાંતો તથા નામદાર સુપ્રીમ કોર્ટ ના અનેક ચુકાદાઓ મુજબ પાંચ જજ ની ખંડપીઠ એ સાત જજ ના ચુકાદા સાથે અસહમમતા રાખી શકે નહીં.

√ અને અંતે આ વિવાદ નો ઉકેલ લાવવા માટે વર્ષે ૨૦૧૧ માં નવ જજ ની ખંડપીઠ બનાવવા માટે નિર્ણય લેવાયો કે જે મિનરલ ડેવલપમેન્ટ ઓથોરિટી વિરુદ્ધ સ્ટીલ ઓથોરિટી ઓફ ઈન્ડિયા ના વિવાદમાં માઈનિંગ પર ની રોયલ્ટી અંગેના અનેક પ્રશ્નો અંગે પોતાનો નિર્ણય આપશે.

√ જો કે અહીં એ વાત ખાસ નોંધવા જેવી છે કે ઈન્ડિયા સિમેન્ટ નાં ચુકાદા ઉપર કોઈ રોક નહોતી. પરિણામે જ્યાં સુધી સાત જજ કરતાં વધું જજ જ્યારે આ અંગેનો નિર્ણય ના આપે ત્યાં સુધી ઈન્ડિયા સિમેન્ટ જ ભારતીય કાયદો ગણી શકાય.

√ છેવટે, ૨૫ જુલાઈ ૨૦૨૪ નાં રોજ નામદાર સુપ્રીમ કોર્ટ એ મિનરલ ડેવલપમેન્ટ ઓથોરિટી વિરુદ્ધ સ્ટીલ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના વિવાદમાં એ ઠેરવ્યું કે રોયલ્ટી એ ટેક્ષ નથી.

√ વધુમાં, ૧૪ ઓગસ્ટ ૨૦૨૪ નાં રોજ નામદાર સુપ્રીમ કોર્ટ એ ચુકાદો આપતાં જણાવ્યું કે મિનરલ ડેવલપમેન્ટ ઓથોરિટી વિરુદ્ધ સ્ટીલ ઓથોરિટી ઓફ ઈન્ડિયા નો ચુકાદો એ ૦૧ એપ્રિલ, ૨૦૦૫ થી રિટ્રોસ્પેકટીવલી લાગું ગણાશે.

√ આમ, માઈનિંગની રોયલ્ટી ઉપર સર્વિસ ટેક્સ કે જી.એસ.ટી. લાગી શકે કે નહીં એ અંગેના એક તર્કમા જ આટલો સમય વીતી ગયો છે તથા હજું માઈનિંગ રોયલ્ટી ઉપર સર્વિસ ટેક્સ કે જી.એસ.ટી. લાગે કે નહીં તે અંગેનો અંતિમ નિર્ણય બાકી હોવાથી સમજી શકાય કે રોયલ્ટી ના પ્રશ્ન નો કેટલો રોયલ ભુતકાળ રહ્યો છે !

**૩) શા માટે રોયલ નીવેડો જરુરી છે?**

√ અગાઉ જણાવ્યા મુજબ વર્ષે ૧૯૮૯ ની અંદર નામદાર સુપ્રીમ કોર્ટ ની સાત જજ ની ખંડપીઠ એ ચુકાદો આપ્યો કે રોયલ્ટી એ ટેક્ષ છે. વધુમાં, વર્ષે ૨૦૦૪ ની અંદર નામદાર સુપ્રીમ કોર્ટ ની પાંચ જજ ની ખંડપીઠ એ ચુકાદો આપ્યો કે રોયલ્ટી એ ટેક્ષ નથી.

√ જો કે આ પાંચ જજની ખંડપીઠ નો ચુકાદો એ સાત જજ ની ખંડપીઠ નાં ચુકાદા ને ફેરબદલ કરી શકે નહીં. વધુમાં, સાત જજની ખંડપીઠ નાં ચુકાદા ઉપર પણ કોઈ રોક આપવામાં આવી નહોતી.

√ આમ, ૨૪ જુલાઈ, ૨૦૨૪ સુધી એટલે કે નવ જજ ની ખંડપીઠ નો મિનરલ ડેવલપમેન્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા વિરુદ્ધ સ્ટીલ ઓથોરિટી ઓફ ઈન્ડિયા નો ચુકાદો નહોતો આવ્યો ત્યાં સુધી ઈન્ડિયા સિમેન્ટ વિરુદ્ધ સ્ટેટ ઓફ તમિલનાડુ જ ભારતીય કાયદો હતો.

√ હા, એ અંગે “ના” કહી શકાય નહીં કે નામદાર સુપ્રીમ કોર્ટ એ પોતાના આ રોયલ્ટી અંગેના ચુકાદાની અમલવારી ને પાછલી તારીખથી એટલે કે ૦૧ એપ્રિલ, ૨૦૦૫ થી લાગુ કરવા કહ્યું છે...

√ પરંતુ એ ખુબ જ સામાન્ય સમજી શકાય એવી વાત છે કે આ માટે કરદાતાઓ પોતે કોઈ વાંક માં નથી અને તેથી તેઓ રાહત મેળવવા પાત્ર છે.

**૪) શું હોઈ શકે રોયલ નીવેડો?**

√ આ રોયલ પ્રશ્ન નો જો કોઈ રોયલ નીવેડો હોય શકે તો તે છે છેલ્લા અંદાજપત્રમા આવેલી અને જી.એસ.ટી. કાયદામાં નવી ઉમેરાયેલી કલમ ૧૧-એ ...

√ જે એવી પરિસ્થિતિમાં કે જ્યાં ધંધાઓની પરંપરાગત રીત-ભાત ના કારણે ઓછો જી.એસ.ટી. ભરપાઈ થયેલો હોય કે જી.એસ.ટી. ભરપાઈ જ નાં થયેલો હોય તો આ અંગે સરકાર શ્રી પોતાનો ટેક્ષ અંગેનો હક્ક જતો કરી આપે.

√ આ કલમ ૧૧-એ પાછળ નો સરકાર શ્રી નો મુખ્ય હેતુ એ છે કે આ કલમ નો ઉપયોગ એ એવી ખાસ પરિસ્થિતિ ઉપર કરી શકાય કે જ્યાં ધંધાકીય રીત-ભાત ના કારણે ઓછો અથવા “ના” બરાબર ટેક્ષ ની ભરપાઈ થયેલી હોય તો તેને રેગ્યુલરાઈઝ કરી શકાય !

**૫) એક્સ્ટ્રા શોટ–**

√ આમ તો હજું એવા અમુક તર્ક છે કે જેના આધારે તમે માઈનિંગ રોયલ્ટી ને એડજ્યુડિકેશન, અપીલ, ટ્રાબ્યુનલ કે નામદાર કોર્ટ સમક્ષ લડત આપી શકો.

√ પરંતુ, જ્યારે કોઈ વિવાદનો આટલા સમય પછી પણ અંત આવ્યો ના હોય ત્યારે નાની પાલખીવાલા સાહેબ ના શબ્દો યાદ આવે કે, “આપણે બધી તકલીફોનો કાયદાકીય ઉકેલ લાવી શકાય તેવી ભ્રમણા માંથી દુર રહેવું જોઈએ.”

√ આથી, આ રોયલ્ટી ના રોયલ પ્રશ્ન નો રોયલ નીવેડો ખુબ જ જરૂરી છે.

(લેખક રજકોટ ખાતે ટેક્સેશનના ઉપર ટ્રાઈબ્યુનલ, હાઈકોર્ટની પ્રેક્ટિસ કરે છે અને સેલ્સ ટેક્ષ જર્નલ, ફૂલછાબ, કરવેરા સલાહકાર, ટેક્ષ ટુડે જેવા પ્રકાશનોના નિયમિત લેખક છે)

(આ લેખ ફૂલછાબની વ્યાપારભૂમિ પૂર્તિમાં તા. ૧૬ ડિસેમ્બર ૨૦૨૪ ના રોજ પ્રકાશિત થયેલ છે)

# શું અમારે પણ નવા PAN માટે ફરજિયાત અરજી કરવાની રહેશે?






By Bhavya Popat, Advocate

**Dt 10.12.2024**

કેન્દ્રિય કેબિનેટની અંતર્ગતની કેબિનેટ કમિટી ઓન ઇકોનોમિક અફેર્સ (CCEA) દ્વારા ઇન્કમ ટેક્સ ડિપાર્ટમેંટ દ્વારા રજૂ કરવામાં આવેલ PAN 2.0 પ્રોજેકટને ૨૫ નવેમ્બરના રોજ બહાલી આપવામાં આવી છે. PAN 2.0 દ્વારા PAN કાર્ડ/TAN આપવાની પ્રક્રિયા, PAN કાર્ડ દ્વારા વિવિધ આર્થિક કર્યો કરવાની પદ્ધતિ વધુ સરળ અને વપરાશકાર માટે વધુ ઉપયોગી (યુઝર ફ્રેંડલી) બને તેવા પ્રયાસો કરવામાં આવનાર છે. PAN 2.0 પ્રોજેકટએ PAN તથા TAN સંબંધી અરજી, સુધારા, વધારા, આધાર-PAN લીંકિંગ વગેરે જેવા કામ માટે “વન સ્ટોપ પ્લેટફોર્મ” બનશે તેવી જાહેરાત કરવામાં આવી છે. આ પ્રોજેક્ટ “ઇકો ફ્રેંડલી” અને “પેપર લેસ” રીતે કામ કરશે અને આ પ્રોજેકટ ભારત સરકારની આર્થિક “ડિજિટલ સિસ્ટમ”ના એકમાત્ર ઓળખ તરીકે કામ આપશે તેવું પણ પ્રેસ રીલીઝમાં જણાવવામાં આવ્યું છે.

હાલમાં દેશભરમાં ૭૮ કરોડ જેટલા PAN કાર્ડ રહેલા છે અને ૭૩.૨૮ લાખ જેટલા TAN રહેલા છે. આ PAN અને TAN બન્ને અલગ અલગ પોર્ટલ ઉપર કામ કરે છે. આ બન્ને પોર્ટલને તબદીલ કરી આ મહત્વકાંક્ષી પ્રોજેક્ટ દ્વારા એક પોર્ટલ બનાવવા પર ભાર મૂકવામાં આવશે. હાલ, PAN અંગેની વિગતો ત્રણ અલગ અલગ એજન્સી દ્વારા સંગ્રહ કરવામાં આવે છે જેમાં ઇન્કમ ટેક્સ ડિપાર્ટમેંટના ઇન્કમ ટેક્સ રિટર્ન પોર્ટલ, UTIITSL, પ્રોટેઇન ઇ ગવર્નન્સ પોર્ટલનો સમાવેશ થાય છે. PAN 2.0 લાગુ થતાં આ ત્રણ એજન્સીના સ્થાન પર એક જ પોર્ટલમાં આ સેવા સમાવિષ્ટ થઈ જશે. PAN 2.0 પ્રોજેકટને વધુ સરળ રીતે સમજવા સરકાર દ્વારા પ્રેસ રીલીઝમાં FAQ (અવારનવાર પુછવામાં આવતા પ્રશ્નો) પણ બહાર પાડવામાં આવ્યા છે. આ પૈકી વાંચકો માટે મહત્વના હોય તેવા FAQ આ લેખમાં લેવામાં આવ્યા છે.

**૧. શું હાલ જે કરદાતા પાસે PAN છે તેઓ દ્વારા PAN0 અંતર્ગત ફરી નવા PAN માટે અરજી કરવાની રહેશે?**

જવાબઃ ના, હાલ જે કરદાતા પાસે PAN છે તેઓ દ્વારા આ PAN 2.0માં ફરી અરજી કરવાની જરૂર રહેતી નથી.

**૨. શું હાલ કરદાતાનો જે PAN છે તેમાં ફેરફાર થશે?**

જવાબઃ ના, હાલ કરદાતાનો જે PAN છે તેમાં કોઈ ફેરફાર થશે નહીં.

**૩. શું હાલ કરદાતા પાસે જે PAN છે તે બદલી આપવામાં આવશે?**

જવાબઃ ના, કરદાતા પાસે હાલ જે PAN છે તે જ PAN નવા પ્રોજેક્ટ PAN 2.0માં પણ માન્ય ગણવામાં આવશે.

**૪. શું કરદાતાને નામ, સ્પેલિંગ, એડ્રેસ વગેરેમાં કોઈ ફેરફાર કરાવવો હોય તો આ પ્રોજેકટ અંતર્ગત કોઈ વિકલ્પ છે?**

જવાબઃ હા, કરદાતા કે જેઓ હાલ PAN ધરાવે છે તેઓ આ પ્રોજેકટ PAN 2.0 શરૂ થાય ત્યારબાદ ઓનલાઈન અરજી દ્વારા આધાર કાર્ડની મદદ વડે આ ફેરફાર કરાવી શકશે.

**૫. ઘણા કરદાતાના એડ્રેસ PAN મેળવ્યા સમય કરતાં તબદીલ થઈ ગયા છે. પરંતુ આ સુધારેલા એડ્રેસ PANમાં જાણ કર્યા નથી. PAN 0.2માં નવા PAN કાર્ડની ડિલિવરી ક્યાં એડ્રેસ ઉપર થશે?**

જવાબઃ અગાઉ જણાવ્યુ એમ કરદાતાને આ પ્રોજેક્ટ PAN 2.0 માં કોઈ નવું PAN આપવામાં આવનાર નથી સિવાય કે તેઓ આ બાબતે અરજી કરે કરદાતા દ્વારા ઓનલાઈન અરજી દ્વારા પોતાનું એડ્રેસ બદલવી શકે છે.

**૬. નવા પ્રોજેક્ટ PAN અંતર્ગત કરદાતાને PAN ક્યાં સુધીમાં મોકલી આપવામાં આવશે?**

જવાબઃ આ પ્રોજેક્ટ PAN 2.0 અંતર્ગત કોઈ નવા PAN હાલના કરદાતાઓને મોકલવાના થતાં નથી.

**૭. નવા PAN કાર્ડ એ QR કોડ વાળા હશે. શું આ સંજોગોમાં અમારી પાસે રહેલ જૂના PAN કાર્ડ વેલીડ ગણાશે?**

જવાબઃ હા, જૂના PAN કાર્ડ કે જે QR કોડ વગર છે તે હાલ પણ વેલીડ છે અને અગાઉ પણ વેલીડ ગણાતા રહેશે. ઉલ્લેખનીય છે કે QR કોડની

(અનુસંધાન બીજા પાને...)

# સવાલ આપના જવાબ 'ટેક્સ ટુડે' એક્સપર્ટના




**ટેક્સ ટુડે એક્સપર્ટઃ**
**CA મોનીષ શાહ, અમદાવાદ**
**એડવોકેટ લલિત ગણાત્રા, જેતપુર**
**CA દિવ્યેશ સોઢા, પોરબંદર**
**એડવોકેટ ભવ્ય પોપટ**

## Dt 10.12.2024

## Goods Services Tax

**અમારા અસીલ દ્વારા IGST ની ક્રેડિટ નોટ કે જે પછીના માહિનામાં આપવામાં આવેલ હતી. આ મહિનામાં કોઈ IGSTનું વેચાણ ના હોય ઓટો પોપ્યુલેટ રિટર્નમાં IGST રિવર્સલ બતાવવામાં આવેલ ના હતું. શું અમે આ ઘટાડો મેન્યુલ કરી શકીએ?**

**– કોલીપરા સુંદરીયા, પોન્નુર**

**જવાબઃ** હા, ક્રેડિટ નોટ બાબતે IGSTનો ઘટાડો મેન્યુલ કરી શકાય તેવો અમારો મત છે. જો કે આ ક્રેડિટ નોટ જો GSTR 1માં યોગ્ય રીતે દર્શાવવામાં આવેલ હોય તો આ ઘટાડો GSTR 3Bમાં નેગેટિવ સ્વરૂપે હવે આવે છે તેવો અમારો મત છે. આ બાબત ચેક કરવા વિનંતી.

---

**અમારા અસીલ ડિસ્ટ્રિક્ટ લેવલ સ્પોર્ટ્સ સ્કૂલમાં કેટરિંગ સર્વિસ પૂરી પાડે છે. આ સેવા ઉપર કેટલા દરે જી.એસ.ટી. ભરવાનો આવે?**

**– ગૌરવ પટેલ, એડવોકેટ, ખેડા**

**જવાબઃ** આપના અસીલ જે ડિસ્ટ્રિક્ટ લેવલ સ્પોર્ટ્સ સ્કૂલમાં કેટરિંગ સર્વિસ પૂરી પાડે છે તેના ઉપર આઉટડોર કેટરિંગના દરે ૫% (2.5 CGST+2.5 SGST) ભરવાની જવાબદારી આવે તેવો અમારો મત છે.

---

**સ્ક્રેપની ખરીદ ઉપર હાલમાં જી.એસ.ટી. TDS લાગુ કરવામાં આવ્યો છે. અમારો પ્રશ્ન એ છે કે શું SEZની ખરીદી હોય તો પણ આ TDS લાગુ પડે? – એ. ટી. વકીલ, ટેક્સ એડવોકેટ, ભાવનગર**

**જવાબઃ** SEZ યુનિટ પાસેથી ખરીદીમાં TDSની જોગવાઈ લાગુ પડે નહીં તેવો અમારો મત છે. જો SEZ હેઠળનું યુનિટ કોઈ કારણસર જી.એસ.ટી. આઉટપુટ ભરવા જવાબદાર બનતું હોય તો તમારી TDS કાપવાની જવાબદારી આવે.

---

**અમારા અસીલ સ્ક્રેપના વેપારી છે. હાલ સ્ક્રેપ પર લાગુ થયેલ GST TDS બાબતે અમારો સવાલ છે. વેસ્ટર્ન રેલ્વે પાસેથી સ્ક્રેપની ખરીદી કરે છે. આ સરકારી સત્તાધિકારી TDS પેમેન્ટ કર્યા વગર જ પેમેન્ટ કરવાનો આગ્રહ કરે છે. આ બાબતે અમર શું કરી શકાય? – અજય જે. શાહ**

**જવાબઃ** આ બાબતે તમારી પાસે કોઈ વિકલ્પ રહેતો નથી. આ વેસ્ટર્ન રેલ્વે સાથેના વ્યવહારમાં પણ TDSની જવાબદારી ખરીદનારની આવે એવો અમારો મત છે.

---

**અમારા અસીલ કંપોઝીશનની પરવાનગી ધરાવે છે. તેઓ ઉત્પાદક છે. તેઓ ફિશ સેલ નું વેચાણ ૫૦૦૦૦૦/– જેવુ કરે છે અને મશીનરી સ્પેર્સનું વેચાણ ૪૦૦૦૦૦/– જેવુ કરે છે. આકારણી દરમ્યાન અમારા અસીલ ઉપર ફિશ કરમુક્ત હોવા છતાં કંપોઝીશન ટેક્સ લાગુ કરવામાં આવ્યો છે. શું કરમુક્ત વેચાણ ઉપર કંપોઝીશન ટેક્સ ભરવાની જવાબદારી આવે?**

**જવાબઃ** હા, આપના અસીલ ઉત્પાદક હોય, કુલ ટર્નઓવર ઉપર ૧% ટેક્સ ભરવાની જવાબદારી આવે તેવો અમારો મત છે.

---

## ઈન્કમ ટેક્સ

**અમારા અસીલ દ્વારા નાણાકીય વર્ષમાં "ટેનન્સી રાઈટ" જતાં કરવામાં આવ્યા છે અને એ માટે ૧.૧૬ કરોડ જેવી રકમ મેળવેલ છે. એ જ નાણાકીય વર્ષમાં અમારા અસીલ દ્વારા રહેણાંકી ઘર ખરીદ કરેલ છે. જે ૧.૧૮ કરોડનું છે. શું અમારા અસીલ ઉપર કેપિટલ ગેંઈન ની જવાબદારી આવે? – કોલીપરા સુંદરીયા, પોન્નુર**

**જવાબઃ** જો આપના અસીલ દ્વારા વેચાણ કરવામાં આવેલ ટેનન્સી રાઈટ લોંગ ટર્મ છે તેમ માની આપના દ્વારા ખરીદવામાં આવેલ રહેણાંકી મકાનની રકમ કેપિટલ ગેઈન માંથી બાદ મળે તેવો અમારો મત છે.

---

**–:: ખાસ નોંધ ::–**

૧. જી.એસ.ટી. ની જોગવાઇઓની ગંભીરતા સમજી તમામ કરદાતાઓએ ટેક્સ પ્રોફેશનલ્સની સેવા લેવી ખૂબ જરૂરી છે. એકાઉન્ટન્ટ મિત્રોને પણ ખાસ વિનંતી કે પોતે એકાઉન્ટન્ટની કામગીરી સારી રીતે બજાવતા હોય તે બાબત ખૂબ સારી કહેવાય પરંતુ ટેક્સ રિટર્ન ભરવા, ટેક્સ આકારણીમાં ઉપસ્થિત થવા, નોંધણી મેળવવા વગેરે જેવી કામગીરી જે તે કાયદાના નિષ્ણાંત પાસે કરવો તેવો ખાસ આગ્રહ કરવામાં આવે છે જેથી ભવિષ્યમાં કરદાતાને મોટી મુશ્કેલી પડે નહીં.

૨. જી.એસ.ટી. અંગે ના દર વિષે અભિપ્રાય આપવો ખૂબ મુશ્કેલ ગણાઈ. કારણકે જી.એસ.ટી. હેઠળ માલ તથા સેવા નો દર ઘણા પરિબળો પર નિર્ભર કરતો હોય છે. વેરા ના દર અંગે ના અભિપ્રાય માત્ર સામાન્ય સંજોગો મુજબ આપવામાં આવેલ છે. આ અંગે આપ એડ્વાન્સ રૂલિંગ દ્વારા ચોક્કસ દર જાણી શકો છો.

૩. અમારા એક્સપર્ટ 'ટેક્સ ટુડે'ને આ સેવા વાચકો ના લાભાર્થે આપે છે. તમામ વાચકોને વિનંતી કે પોતાના પ્રશ્નો 'ટેક્સ ટુડે'ને નીચે આપેલ ઇ મેઈલ પર મોકલે. કોઈ પણ સંજોગો માં વાચકો ને વિનંતી કે એક્સપર્ટ્સ નો સીધો સંપર્ક બિનવ્યવસાયી રીતે ના કરવો.

આ કૉલમ અંતર્ગત આપના પ્રશ્નો પૂછવા આપ અમને taxtodayuna@gmail.com પર ઇ મેઈલ કરી શકો છો. આપના પ્રશ્નોના જવાબ શક્ય એટલા જલ્દી લેવા પ્રયાસ કરવામાં આવશે.

**ડિસ્ક્લેમરઃ** આ કૉલમ 'ટેક્સ ટુડે'ના એક્સપર્ટ દ્વારા શક્ય તમામ કાળજી રાખી કાયદા ના પોતાના અભિપ્રાય ઉપર આપવામાં આવેલ છે. છતાં આ અભિપ્રાય તેઓના અંગત અભિપ્રાય છે.

# નોટરી સી.ઓ.પી બાબતે જે.જે.પટેલ સાથે એચ.વી.ઓઝાની ચર્ચા-વિચારણા...

ગુજરાત નોટરી એસોસિયેશનના પ્રમુખ હર્ષદ ઓઝા, મહેસાણાની વકીલોની માતૃ સંસ્થા એવી ધી બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ચેરમેન શ્રી જે જે પટેલ, અમદાવાદ સાથે સમગ્ર ગુજરાતના પસંદગી પામેલ નોટરીશ્રીના સી.ઓ.પી બાબતે ખૂબ જ વિસ્તૃત અને વિગતવાર શાંતિમય માહોલમાં ચર્ચા વિચારણા થઈ. જેમાં ગુજરાત નોટરી એસોસિયેશનના પ્રમુખ શ્રી દ્વારા પસંદગી પામેલ નોટરીશ્રીઓને પડી રહેલી તકલીફ અને પ્રશ્નો બાબતે ચર્ચા કરવામાં આવી જેમાં બિનજરૂરી અને નાની અમથી એવી સ્પેલિંગ મિસ્ટેક (સ્લીપ ઑફ પેન) પણ ક્વેરી કાઢવામાં આવે છે તથા પસંદગી કોઈ અનામત કોટા પ્રમાણે થયેલ ન હોવા છતાં પણ કાસ્ટ સર્ટિફિકેટર અંગ્રેજીમાં ટ્રાન્સલેટ કરી મંગાવવામાં આવી રહ્યા છે, પરંતુ ગુજરાતના મામલતદાર કચેરી દ્વારા જે તે સમયે આપણી માતૃભાષા ગુજરાતીમાં જ કાસ્ટ સર્ટીફીકેટ પૂરા પાડેલા હતા. આવી કેટલીય બિનજરૂરી અને નાની નાની કવેરી ઉભી કરી પ્રક્રિયાને ખૂબ જ લેન્ધી અને કંટાળાજનક બનાવી રહ્યા છે તેવું પ્રતીત થાય છે.



તો બીજી બાજુ નોટરી સેલ દિલ્હીનો રૂબરૂ સંપર્ક થઈ શકતો નથી, માત્ર ને માત્ર બે ટેલીફોનિક નંબર પર અમુક સમય મર્યાદામાં જ સંપર્ક કરવાનો હોય છે અને સામા પક્ષે ખૂબ જ મોટો વર્ગ હોવાથી લગભગ સંતોષકારક વાતચીત થતી જ નથી અને ખૂબ મહેનતના અંતે વાતચીત થાય તો પણ માત્ર રાહ જોવાનું આશ્વાસન આપવામાં આવે કે અને એમાં પણ જો કોઈ તાર્કિક અને દ્રઢ પણે સાચી વાત પૂછવામાં આવે તો પ્રત્યુતર આપ્યા વિના ફોન ડીસકનેક્ટ કરી દેવામાં આવે છે, અને ત્યારબાદ ઈમેલ કરવામાં આવે તો પણ ક્યારે વળતો જવાબ મળતો નથી આમ વકીલ આલમમાં નારાજગીનો માહોલ ઉભો થતો જાય છે.

ખૂબ જ ઊંડાણપૂર્વકની લાંબી ચર્ચા ના અંતે ચેરમેનશ્રી જે જે પટેલ વકીલઓની વેદનાને સારી રીતે સમજી શક્યા અને તાત્કાલિક અસરથી ધી બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ઈમેલ આઈડી થી સરકારશ્રીને આપણી રજૂઆત કરશે એવી હૈયા ધારણા પાઠવી છે, તેમજ હમણાં સાંસદ સત્ર ચાલુ હોવાથી આપણા વિસ્તારના ચૂંટાયેલ પ્રતિનિધિ એવા સાંસદશ્રી મારફતે સમગ્ર ગુજરાત માટે પણ રાજકીય લેખિત રજૂઆત કરવામાં આવે તો અસરકારક અને ઝડપી સુખદ પરિણામ મળી શકે છે અને ચેરમેનશ્રી વધુમાં પોતાની કોઠાસૂઝ નો પરિચય આપતા જણાવ્યું હતું કે હું તો એવી રજૂઆત કરું છું કે એક માસના સમયગાળા દરમિયાન ક્ષતિ પૂર્ણ કરી આપવાની શરતે તમામે તમામ નોટરીશ્રીને તાત્કાલિક અસરથી સી.ઓ.પી ઈસ્યુ એક જ દિવસે કરી દેવા જોઈએ. આમ એકંદરે ગુજરાત નોટરી એસોસિયેશનના પ્રમુખ અને ધી બાર કાઉન્સિલ ઓફ ગુજરાત ગુજરાતના ચેરમેનની આજની વાતચીત વકીલ આલમમાં નવી આશાનું કિરણ પ્રકાશ ફેલાવશે.

**ભવ્ય પોપટ –તંત્રી, ટેક્ષ ટુડે**

◆ Year: 9 ◆ Issue No.02 ◆ Continue Issue No.97 ◆ Date: 21/12/2024, Saturday, ◆ Page-4, ◆ Retail Price: 20/-, ◆ Annual Subscription Rs.200/- (With Courier Rs.300/-) ◆ Owned & Published by: Bhavya Dipakbhai Popat, ◆ Published at: 202-203, Dhruv Complex, Opp. Police Quaters, Una, Dist. Gir Somnath. ◆ Editor: Bhavya Dipakbhai Popat ◆ Printed at : Prathamesh Offset, Gondra Chowk. Una.